# મોડાસામાં ટ્રકમાંથી માલસામાન લૂંટતી ગેંગનો તરખાટ







અરવલ્લી જીલ્લામાં તસ્કરો તરખાટ મચાવી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. મોડાસા શહેરના કૉલેજ રોડ વિસ્તારમાં આવેલા રીલાયન્સ પેટ્રોલ પંપના પરિસરમાં પાર્ક કરેલી ટ્રકમાંથી ઓઈલના ડબ્બા ચોરી થયાની ઘટના બની છે. મોડી રાત્રે તસ્કરો ટ્રક લઈને આવતા સીસીટીવીમાં જોઈ શકાય છે અને ત્યારબાદ પાર્ક કરેલી ટ્રકનો મોટાભાગનો માલ-સામાન ચોરી કરીને પલાયન થઈ જતા ચકચાર મચી છે. ટ્રક માલિકે વહેલી સવારે ટ્રક પાર્કિંગ સ્થળે પહોંચતા ટ્રકની પાછળ ની સાઈડે તાડપત્રી માં કાણું જોતા ટ્રકમાં ચોરી થઈ હોવાની ખાબત પડી હતી ટ્રકમાં રહેલા ઓઈલના ૩૦ ડબ્બા ની ચોરી થઈ હોવાનું જણાવ્યું હતું

## ટ્રક લઇને આવ્યા અને ટ્રક ખાલી કરીને છૂ

મોડાસા અને ટીંટોઈ ગામ સમગ્ર દેશમાં ટ્રાન્સપોર્ટ ક્ષેત્રમાં અવ્વલ નંબર ધરાવે છે ટ્રક-ટ્રાન્સપોર્ટ સાથે હજ્જારો ટ્રક ની અવર-જવર રહે છે એક સમયે ટીંટોઈ ગામ સમગ્ર દેશમાં સૌથી વધુ ટ્રક ધરાવતું હતું મોડાસા શહેરમાં આખે આખી ટ્રક ઉઠાવી જવાની અને પાર્કિંગ કરેલ ટ્રક માંથી લાખ્ખો રૂપિયાનો માલ-સામાન ની લૂંટની અનેક ઘટનાઓ પોલીસ ચોપડે નોંધાઈ ચુકી છે ત્યારે ફરીથી ટ્રક માંથી માલસામાન ની લૂંટ ચલાવતી ગેંગ સક્રિય થતા ટ્રક માલિકો અને ડ્રાઈવેરો ની ઊંઘ હરામ થઈ ગઈ છે

પ્રાપ્ત માહિતી મુજબ, મોડાસા ના ધનસુરા રોડ પર આર્ટસ કોલેજની સામે આવેલા રીલાયન્સ પેટ્રોલ પંપના પરિસરમાં કેટલાક ટ્રકના મલિક અને ટ્રક ડ્રાઈવર ટ્રક પાર્ક કરી ઘરે જતા હોય છે ત્યારે એક ટ્રક ડ્રાઈવરે ઓઈલના ડબ્બા ભરેલ ટ્રક પાર્કિંગ કરી ઘરે ઊંઘવા માટે ગયો હતો મોડીરાત્રે ૨.૩૦ કલાકની આસપાસ તસ્કરો

ટ્રક લઈ લૂંટ ની ઘટનાને અંજામ આપી રફુચક્કર થઈ ગયા હતા સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી જેમાં ટ્રક લઈને આવતા સીસીટીવીમાં નજરે પડે છે. ત્યારબાદ આ તમામ તસ્કરોએ પાર્કિંગ કરેલી ટ્રકનો મુદ્દામાલ ખાલી કરી તેમની ટ્રકમાં ભરીને ફરાર થઈ ગયા હતા. જોકે સવાલ એ થાય છે કે, આટલો મોટ ટ્રક લઈને તસ્કરો આવી પહોંચે છે તેમછતાં કોઈને જાણ કેમ ન થઈ? પોલિસ પણ પેટ્રોલિંગના મોટા દાવાઓ કરે છે તો ટ્રક લઈને આવેલા તસ્કરોની ગંધ કેમ ન ગઈ?.

# બનાસકાંઠા જિલ્લામાં જળસંકટના એંધાણ

## દાંતીવાડા, સીપુ અને મુક્તેશ્વર ડેમના તળિયા દેખાવા લાગ્યા





પાલનપુર, તા.૩૦

ભારત પાકિસ્તાનની સરહદને અડીને આવેલો બનાસકાંઠા જિલ્લો હંમેશા પાણીની તંગી સહન કરતો રહ્યો છે. ત્ યારે સતત કુદરતના પ્રકોપનો ભોગ બની રહેલા બનાસકાંઠા જિલ્લા માટે આગામી સમય પણ ખૂબ જ કપરો સાબિત થવાના એંધાણો અત્યારથી વર્તાઈ રહ્યા છે.પાણીની તંગી સહન કરતાં બનાસકાંઠા જિલ્લાના ત્રણેય મુખ્ય જળાશયોમાં પાણીનો જથ્થો નહિવત પ્રમાણમા હોવાના લીધે આગામી સમયમાં બનાસકાંઠા જિલ્લા પર મોટું જળ સંકટ સર્જાઈ શકે છે.

બનાસકાંઠા જિલ્લાના લોકો ઉનાળા દરમ્યાન પાણીની બુંદ બુંદ માટે તરસતા હોય છે ત્યારે જિલ્લાના લોકોને પાણી મળી રહે તે માટે જિલ્લામાં દાંતીવાડા ,સીપુ અને મુક્તેશ્વર એમ ત્રણ મોટા જળાશયો બાંધવામાં આવ્યા છે પરંતુ ગત ચોમાસામાં થયેલા નહિવત વરસાદને પગલે બનાસકાંઠા જિલ્લાના આ ત્રણેય જળાશયોમાં પાણીની ખૂબ જ ઓછી આવક થઈ હતી અને તેના લીધે આ ત્રણેય જળાશયોના અત્યારથી જ તળિયા દેખાવા માંડ્યા છે.ત્યારે બનાસકાંઠાના જીવાદોરી સમાન દાંતીવાડા ડેમમાં ફક્ત ૭.૬૯ % જેટલું ખુબજ ઓછું પાણી બચ્યું છે તો સિપુ ડેમમાં ૮.૮૭% અને મુક્તેશ્વર ડેમમાં ૧૪.૮૫%જ પાણી બચ્યું છે ત્યારે આટલા ઓછા પાણીને લીધે જિલ્લાના લોકોમાં માટે જળસંકટ મંડરાઈ રહ્યું છે જોકે શિયાળા માંજ પાણી ઓછું હોવાના કારણે પહેલેથી જ ખેડૂતોને સિંચાઈનું પાણી આપવાનું બંધ કરાયું હતું જેના કારણે ખેડૂતોની મુશ્કેલીઓમાં વધારો થયો હતો જોકે હવે ઉનાળાની શરૂઆત માંજ પાણી વગર ખેડૂતોનો પાક સુકાતાં ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે તો બીજી બાજુ પશુઓ માટે પણ પીવાનું પાણી ન હોવાના કારણે અને પીવાના પાણીની તંગી સર્જવાની સ્થિત ઉભી થતાં ખેડૂતો અને લોકોની મુશ્કેલીઓમાં વધારો થયો છે જેથી ખેડૂતો અને સ્થાનિક લોકો સરકાર પાસે માંગ કરી રહ્યા છે કે તેમને કોઈપણ ભોગે સિંચાઈનું અને પીવાનું પાણી આપવામાં આવે..

એક બાજુ રાજ્ય સરકાર ખેડૂતોના હામી બનવાની વાતો કરી રહી છે તો બીજી તરફ બનાસકાંઠા જિલ્લાના ખેડૂતો અને લોકો માટે આવનાર સમય ખુબજ કઠિન સાબિત થવાનો છે જિલ્લા માટે આશીર્વાદ સમાન દાંતીવાડા ડેમમાં ફક્ત .૭.૬૯ % જેટલું જ પાણી બચ્યું છે દાંતીવાડા ડેમના બિલકુલ નજીક આવેલા સિપુ ડેમમાં ૮.૮૭ % તો વડગામ પંથકને પાણી પૂરું પાડતા મુક્તેશ્વર ડેમમાં ૧૪.૮૫% રહેલા પાણીએ ખેડૂતો અને જિલ્લાના લોકોને ચિંતાતુર કરી દીધા છે..

# હિંમતનગરમાંથી બોગસ મનોચિકિત્સક પકડાયો

હિંમતનગર, તા. ૩૦

સાબરકાંઠા જિલ્લાના અંતરીયાળ વિસ્તારોમાં વર્ષોથી બોગસ ડીગ્રી ધરાવતા ઊંટવૈદો ગરીબ લોકોના આરોગ્ય સાથે ચેડા કરી રહ્યાની વાત જગજાહેર છે. ત્યારે મંગળવારે જિલ્લાના મુખ્ય મથક એવા હિંમતનગરના મુખ્ય વિસ્તાર તરીકે ઓળખાતા બસસ્ટેન્ડ પાસે આવેલ એક કોમ્પલેક્ષમાં છેલ્લા કેટલાય મહિનાઓથી બોગસ ડીગ્રીને આધારે માનસિક રોગોની સારવાર કરતા એક તબિબને આરોગ્ય વિભાગના અધિકારીઓએ ઝડપી લઈ તેની પાસેથી કેટલીક દવાઓ પકડી પાડી આ બોગસ તબિબ વિરૂદ્ધ હિંમતનગર બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરી હતી.

આ અંગે જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મનીષ ફેન્સીના જણાવાયા મુજબ પાંચ માસ અગાઉ હિંમતનગર બસસ્ટેન્ડની સામે આવેલ એક કોમ્પલેક્ષમાં ભાડેથી જગ્યા લઈને એક બોગસ તબિબ માનસિક રોગોની સારવાર કરી મનફાવે તેમ પૈસા બનાવતો હતો. જે આધારે આરોગ્ય વિભાગના ડૉ. મનીષ ફેન્સી, ડૉ. અરૂણ ભાટી અને ડૉ. જયેશ પરમારે તેની ખરાઈની તપાસ કરવા માટે એક બનાવટી દર્દીને મોકલ્યો હતો.

ત્યારબાદ આરોગ્યવિભાગના અધિકારીએ બોગસ પ્રેક્ટીસ કરતા નિતિશ કે. ભોજાણીની ઉલટ તપાસ હાથ ધરી હતી. જોકે પ્રાથમિક તબક્કામાં પૂછપરછ દરમ્યાન તેને અન્ય દેશમાંથી એમ.બી.બી.એસ. કર્યુ હોવાના પ્રમાણપત્રો રજુ કર્યા હતા. પરંતુ ભારત સરકારના આરોગ્ય વિભાગના નિયમ મુજબ આ તબિબે ઈન્ડીયન મેડીકલ કાઉન્સીલની પરીક્ષા પાસ કરીને કોઈ પ્રમાણપત્ર લીધેલ ન હતુ.

ત્યારબાદ આરોગ્ય વિભાગના અધિકારીઓએ ઉલટતપાસ કરતા નિતિશ ભોજાણી ભાગી પડ્યો હતો. જોકે મંગળવારે બપોરે જે દરોડા પાડ્યા હતા તે અગાઉ પણ આ તબિબને પકડવા માટે કરાયેલા પ્રયાસો કામિયાબ રહ્યા ન હતા. ત્યારબાદ આખરે પકડાઈ ગયેલા આ બોગસ તબિબ પાસેથી માનસિક રોગોમાં વપરાતી કેટલીક દવાઓનો જથ્થો પણ તેના ક્લિનિકમાંથી હાથ લાગ્યો હતો અને આખરે આરોગ્ય વિભાગના અધિકારીઓએ આ બોગસ તબિબ વિરૂદ્ધ હિંમતનગર બીડીવીઝન પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવવાની કાર્યવાહી શરૂ કરી હતી.

## ધનસુરાની ટ્રેઝરી ઓફિસ ઉદ્‌ઘાટનની રાહ જુએ છે

ધનસુરા, તા. ૩૦

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકા મથકે મામલતદાર કચેરી પાસે વર્ષોથી ટ્રેઝરી ઓફિસનું મકાન તૈયાર છે. આ ટ્રેઝરી ઓફિસના ઉદ્‌ઘાટનની પ્રજા રાહ જોઈ રહી છે. અત્યારે ટ્રેઝરી ઓફિસના અભાવે ધનસુરાના વ્યાપારીઓ, ક્વોરી માલિકોને ચલણ ભરવા રૂ. ૫૦ ખર્ચી ૫૦ રૂપિયાના ચલણ ભરવા છેક મોડાસા જવુ પડે છે. જાણવા મળ્યા પ્રમાણે ધનસુરા તાલુકો સૌથી વધુ ચલણ ભરે છે. ત્યારે સત્વરે આ તાલુકામાં ટ્રેઝરી ઓફિસ કાર્યરત થાય તેમ તાલુકાના ક્વોરી માલિકો ઈચ્છે છે.



## ડીસામાં ગરમીના કારણે બાઇક સળગી ઉઠ્યું...!!

રણ વિસ્તાર ધરાવતા બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા એક અઠવાડિયાથી ભીષણ ગરમી પડી રહી છે સવારથી જ સૂરજદાદા આગ ઓકવા લાગતા જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે કાળઝાળ ગરમીમાં રોડ ઉપરનો ડામર પીગળવા સાથે આગ લાગવાના બનાવો પણ બનવા લાગ્યા છે ત્યારે વધુ એક બનાવમાં ગઈકાલે ડીસાના રેલવે સ્ટેશન રોડ ઉપર રહેતા કમલેશભાઈ લોઘાએ બપોરના સુમારે પોતાનું બાઈક ઘર આગળ પાર્ક કરેલ હતું પરન્તુ ભીષણ ગરમીમાં બાઈક અચાનક સળગી ઉઠ્યું હતું જેના કારણે દોડધામ મચી ગઈ હતી રહીશોએ પાણીનો મારો ચલાવી આગ ઓલવી દીધી હતી પણ બાઈકન વ્યાપક નુકશાન થયું હતું બાઈકમાં આગ લાગ્યાની જાણ થતા લોકોના ટોળેટોળાં ઉમટી પડ્યાં હતા

# તલોદનું એકમાત્ર તળાવ ગંદકીથી ખદબદી રહ્યું છે



તલોદ, તા. ૩૦

સાબરકાંઠા જિલ્લામાં તાલુકા મથકે તલોદ નગરનું તળાવ અતિભારે ગંદકીથી ખદબદી રહ્યું છે. માનવજીવનમાં આવતી અનેક સારી-ખોટી પળો જેવી પળો ભોગવવા આ તળાવ પણ મજબૂર બન્યુ છે. ક્યારેક તેની જળસપાટી કમળના વેલાઓથી લદાયેલી મનોહર ભાસે છે. ક્યારેક તળાવ કચરાપેટી કરતાંયે જાણે કે વધુ ગંદકીથી નફરતભર્યુ ભાસે છે. જ્યાં ગંદકી અને કચરો ઠલવાતો હોઈ માખી-મચ્છર જેવા જીવજંતુઓનો ઉપદ્રવ જનજીવનને ત્રાહિમામ બનાવે છે. અને તેથી રોગચાળાની વ્યાપક બનેલી સંભાવનાઓ તળાવ વિસ્તારના રહીશોના જીવ તાળવે ચોંટી જાય તેવી સ્થિતિ પેદા કરી રહ્યા છે. અહીં તળાવના એક ભાગમાં નકામી વનસ્પતિના જંગી જથ્થાએ તથા કિનારા કેટલાક ભાગોમાં ઠલવાયેલા ગંદકીભર્યા કચરાએ પણ જળ સપાટી ઉપર ભારે આક્રમણ જારી રાખ્યું છે. જે તમામ સફાઈ ઝંખે છે. તળાવ નવા ક્લેવરવાળુ રૂપ ઈચ્છે છે અને પંથકની પ્રજા સંભવિત રોગચાળા સામે સલામતી ઈચ્છે છે. પરંતુ તળાવના પાણીની આ દૂર્દરશા જોઈને કોઈપણ જવાબદાર તંત્રના પેટનું પાણી હાલતું હોય તેમ લાગતુ નથી જે દુ:ખદ બાબત છે.

તાલુકામથક તલોદ નગરની દેસાઈનગર સોસાયટી વિસ્તારમાં શ્રી એકલિંગેશ્વર મહાદેવ સમીપ આવેલા દાયકાઓ પુરાણા તળાવની હાલત ભારે ગંભીર, જોખમી, દયનીય અને તિરસ્કારજનક બની બેઠી છે. આ તળાવની સફાઈ કરીને પ્રજાના જાહેર જનઆરોગ્યને રાહત પુરી પાડવા પંથકના જાગૃત પ્રજાજનોએ અનેક વખત નગરપાલિકા અને આરોગ્યતંત્રને રજૂઆતો કરી છે. જેનું પરિણામ આજદિન સુધી શૂન્ય રહેતા દિનપ્રતિદિન તળાવની હાલત બદતર બની રહી છે અને પ્રજાની હાલત દયનીય બની રહી છે.

## આરોગ્યતંત્ર રેલીઓમાં વ્યસ્ત

શ્રી એકલિંગેશ્વર મહાદેવ તલોદ સમીપ આવેલા તળાવની અસહ્ય ગંદકીભરી સ્તિથી આરોગ્યતંત્ર વાકેફ હોવા છતાં જાણે કે આંખ આડા કાન કરી રહ્યું છે. આરોગ્યતંત્રનું કામ જાણે કે સરકારને ખુશ કરવા છાસવારે જનજાગૃતિના નામે રેલીઓ કાઢવા પુરતુ સિમિત થઈ ગયુ હોય તેમ લોકો માની રહ્યા છે. વારંવાર યોજાતી રેલીઓમાં ટાઢ-તાપ જોયા વિનાજ ગામે ગામથી આરોગ્યતંત્રનો સ્ટાફ જોડાઈ જવા મજબૂર બનતો હોવાથી જે તે સમયે જે તે પંથકનું આરોગ્ય જાણે કે રામ ભરોસે જ રહેતુ હોય છે. જનજાગૃતિ રેલી દ્વારા પ્રજાને જગાડવાની કોશિષ કરતું તંત્ર પહેલા સ્વયં જાગે અને ગંદકી કરનારા, સફાઈ નહી કરનારા અને રોગચાળાને પોષણ મળે તેવી સ્થિતિનું સર્જન કરનારા એકમો પ્રતિ પરિણામલક્ષી કામગીરી કરે તે સમયની માંગ છે. જવાબદારતંત્ર ગંદકીભર્યા તળાવની તત્કાળ સફાઈ કરાવી ફેન્સીંગ વર્ક કરે તે સમયની માંગ છે.

## ધનસુરા ચાર રસ્તા પરથી દરરોજ વીસ હજાર ટ્રકો પસાર થાય છે

ધનસુરા, તા. ૩૦

અરવલ્લી જિલ્લાનો શામળાજી મોડાસા ધનસુરા ધોરીમાર્ગ ઉપરથી રોજની કોલીખડના સર્વે મુજબ ૨૦ હજાર લોડીંગ ટ્રકો અવરજવર કરે છે. ટ્રાફિક સમસ્યા વિકટ બનતી જાય છે. ખાસ કરીને ધનસુરા ચાર રસ્તા આગળથી આ તમામ લોડીંગ ટ્રકો જતી હોવાથી ટ્રાફિક સમસ્યા અતિ વિકટ બની રહી છે. વારંવાર અકસ્માત સર્જાય છે. મોડાસામાં બાયપાસ હોવાથી તમામ ટ્રકો શહેરની બારોબાર જાય છે. જાણવા મળ્યા પ્રમાણે ધનસુરામાં બાયપાસની મંજુરી મળી ગઈ છે. તાલુકાના ૯૫ ટકા લોકોએ સંમતિની સહી સાથે સરકારમાં રજુઆત કરેલ છે. હવે ઈલેક્શન પણ પતી ગયુ છે. સર્વે કામગીરી પૂર્ણ થઈ ગઈ છે ત્યારે સત્વરે ધનસુરામાં બાયપાસ રોડનું કામ શરૂ થાય તે જરૂરી છે. બાયપાસ થશે તો જ ધનસુરા ચાર રસ્તામાં અકસ્માત ઘટે તેમ છે.

# મેઘરજના રમાડ ગામના ગ્રામજનોએ તંત્ર સામે રામધૂન બોલાવી

## મેઘરજના રમાડ ગામે પાણીની તંગીથી ત્રાસી ગ્રામજનો તંત્ર નહિ જાગતા ભગવાન ભરોશે : રામધૂન બોલાવી

અરવલ્લી જીલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં આઝાદીના ૭૦ વર્ષ પછી પણ ઉનાળાની સીઝનમાં પીવાના પાણીના ટીપે ટીપા માટે તરસી રહ્યા છે જીલ્લામાં છેલ્લા ૫ વર્ષમાં ૧૦ અબજ રૂપિયાનો અધધ ખર્ચ કરવા છતાં ૧૩૦ થી વધુ ગામો પાણી માટે ટળવળી રહ્યા છે જીલ્લાના ૬૯૧ ગામો પૈકી ૨૫ ટકા ગામો પાણી વગર તરસી રહ્યા છે ગ્રામ્ય વિસ્તારના પ્રજાજનોની વહીવટી તંત્ર અને પાણીપુરવઠા તંત્રમાં વારંવાર રજુઆત કરવા છતાં તંત્રના બહેરા કાને વાત અથડાતા પ્રજાજનો ની હાલત દયનિય બની છે પાણીની સમસ્યા નહિ ઉકેલાય તો પ્રજાજનોએ હિજરત કરવી પડે તેવી કપરી સ્થિતિનું નિર્માણ થયું છે

મેઘરજ તાલુકા ના અંતરિયાળ આદિવાસી વિસ્તાર માં પીવાના પાણી માટે વલખા મારતાં પ્રજાજનો નદી માં ખાડો ખોદી દયનિય હાલત માં પાણી ભરી રહ્યા છે અને તંત્ર તેમની વ્હારે ના આવતા તંત્ર ને જગાડવા માટે રમાડ ગામના ગ્રામજનોએ આખરે ભગવાનનો સહારો લેવાની જરૂર પડી છે અને વાત્રક નદીમાં મોટી સંખ્યામાં ગામલોકોએ રામધૂન બોલાવી અને કરી ભગવાનને રીઝવવાનો અને તંત્રને ગતિશીલ અને વાઈબ્રન્ટ કરવાનો પ્રયત્ન કર્યો હતો

રમાડ ગામના ગ્રામજનોએ ઉનાળામાં સર્જાતી પીવાના પાણીની તંગી નિવારવા જવાબદાર તંત્ર માં અનેક વખત રજુઆત કરી છે પણ તંત્ર ગ્રામજનો ની માંગ ઉકેલવામાં સંપૂર્ણ નિષ્ફળ રહેતા પીવાના પાણી ની કાયમી સમસ્યા ના ઉકેલ માટે કોઈ યોજના તંત્ર દ્વારા રમાડ ના ગ્રામજનો માટે બનાવવામાં બેદરકારી દાખવતા તંત્રની

કુંભકર્ણ જેવી ગાઢ નિંદ્રામાં થી જગાડવા માટે ગ્રામજનો એ અનોખો કાર્યક્રમ યોજ્યો આટલી ૪૫ ડિગ્રી થી વધુ ગરમી માં ગ્રામજનો રમાડ ગામ માં આવેલી વાત્રક નદી માં આબાલવૃદ્ધ સૌકોઈ એકઠા થઈ રામધૂન કરી અને નદી માં જ પાણી ની વ્યવસ્થા કરવામાં આવે તે માટે હવન કરવામાં આવ્યું હતું.

રમાડ ગામના ગ્રામજનોએ ભારે હૈયે જણાવ્યું હતું કે ગામમાં અને આજુબાજુના ૨૫ જેટલા નાના-નાના ગ્રામ્ય વિસ્તારોમાંપીવા ના પાણી નો આધાર માત્ર ગામ માં આવેલ કુવા અને તળાવો પર છે પાણી નો સ્ત્રોત ના હોવાથી ચોમાસા સિવાય બાકીની બે સિઝન માં ખેતી થઈ શકતી નથી જેથી ગ્રામજનો એ વાત્રક નદી માં ચેકડેમ બનાવવા ની સિંચાઈ વિભાગ પાસે માગણી કરી હતી જેથી પાણી નો સ્ત્રોત જળવાઈ રહે અને ગામ ના બોર કુવા ના પાણી ના તળ જળવાઈ રહે પરંતુ કોણ જાણે તંત્ર ગ્રામજનો ની વાત નકારી કાઢતા છેવટે ગ્રામજનો એ એકઠા થઈ સેવાભાવી દાતાઓ ની મદદ અને સરકાર ની કોઈપણ જાત ની સહાય વગર શ્રમદાન કરી ચેકડેમ બનાવ્યો હતો પણ કોણ જાણે કુદરત પણ આ ગરીબ આદિવાસી લોકો પર રુઠી હોય એમ એ ચકડેમ પહેલા વરસાદે તૂટી ગયો ત્યારે આ વિસ્તાર ના રહીશો ની પીવાના પાણી ને લઈ ખુબજ દયનિય પરિસ્થિતિ બની હોવાનું જણાવ્યું હતું



